

જલારામ મંદિર ખાતે શ્રી કર્ણવ જોષીની વ્યાસપીઠે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં શુક્રવારે ગોવર્ધન ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. (તસવીર : દિપક જાની)

# સે-૧૩ આદર્શ નિવાસી શાળાની વિદ્યાર્થીનીઓએ હડતાલ કરી

ગાંધીનગર, તા.૩૧

સે-૧૩ આદર્શ નિવાસી શાળાની વિદ્યાર્થીનીઓને છેલ્લા ઘણા સમયથી પાયાની સુવિધાઓ ઉપલબ્ધ ન થતા શાળાની કન્યા છાત્રાઓએ આજે હડતાલનો રાહ અપનાવી લડત આપી હતી. આખરે વિભાગના નિયામકે યોગ્ય વ્યવસ્થા કરવાની ખાત્રી આપવા મામલો થાળે પાડયો હતો.

સે-૧૩ આદર્શ નિવાસી શાળામાં અંદાજિત ૧૫૮ વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી આ વિદ્યાર્થીનીઓને પાયાની સુવિધાઓ ઉપલબ્ધ ન થતા આક્રોશની લાગણી પ્રવર્તી હતી. શાળાની વિદ્યાર્થીનીઓને છેલ્લા કેટલાક સમયથી પીવાનું શુધ્ધ પાણી નશીબ થયું ન હોવાની પણ ફરિયાદ ઉદભવી છે.

નહાવાનું જ પાણી પીવાના ઉપયોગમાં લેવાતો હોવાનો આક્રોશ પણ વિદ્યાર્થીઓએ ઠાલવ્યો હતો. આ ઉપરાંત ધો-૮ થી ૧૦માં અભ્યાસ કરતી આ છાત્રાઓને જયાં રસોઈ બનાવાતી હોય તે સ્થળે જ વર્ગખંડમાં અભ્યાસ કરવાની ફરજ પડતી હોવાની પણ ફરિયાદ ઉદભવી છે. આ સઘળી સ્થિતિને લઈ વારંવાર રજૂઆત કરવા છતાં ન્યાય ન મળતા રોષે ભરાયેલી વિદ્યાર્થીનીઓએ આજે શાળાની બહાર નીકળી હડતાળ કરી હતી. અનુ. જાતિ કલ્યાણ ખાતાના નિયામક પી.આર. ટાંકે સ્થળ પર પહોંચી વિદ્યાર્થીનીઓની રજૂઆતને સાંભળી હતી. તેમણે વિદ્યાર્થીઓને યોગ્ય વ્યવસ્થા ગોઠવવાની સાંત્વના આપી હતી.

# આજથી મુક્તિધામમાં અંતિમક્રિયા માટે પૈસા નહિ લેવા મનપાનો નિર્ણય

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર મહાનગરપાલિકા સંચાલિત સેક્ટર-૩૦ સ્થિત મુક્તિધામ ખાતે અંતિમક્રિયા માટે આજથી એક પણ પૈસો લેવામાં આવશે નહિ તેવો નિર્ણય સ્થાયી સમિતિએ કર્યો છે.

શ્રી પ્રવિણ પટેલના અધ્યક્ષસ્થાને મળેલ સ્થાયી સમિતિએ આજે કરેલા એક બીજા નિર્ણયમાં શહેરમાં ગંદકી થતી અટકાવવા માટે બે મોબાઈલ ટોયલેટ ખરીદવાનો પણ નિર્ણય કર્યો છે. આ ઉપરાંત નાયબ કાર્યપાલક ઈજનેરની જગ્યા ઉભી કરવાની બાબત મુલ્તવી રાખવામાં આવી છે.

આજની આ બેઠકમાં ગાંધીનગરના મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ નગરના ૪૮મા સ્થાપના દિનની ઉજવણી દરમ્યાન કરેલ જાહેરાતને બહાલી આપી અને ૧-૯-૨૦૧૨ થી મુક્તિધામ ખાતે અંતિમક્રિયા માટે નિશુલ્ક સેવાનો નિર્ણય કરાયો હતો.

શ્રી પ્રવિણ પટેલે જણાવ્યુ હતુ કે રાજ્યના પાટનગર ગાંધીનગરના ૪૮મા સ્થાપનાદિને મેયરશ્રીએ 'મુક્તિધામ'માં અગ્નિદાહ પેટે નગરજનો પાસેથી રૂ. ૭૫૦ ખર્ચ પેટે વસુલ લેવામાં આવતા હતા. તે ખર્ચ હવે નાગરિકો પાસેથી વસૂલ લેવાને બદલે કોર્પોરેશન ભોગવશે તેવી જાહેરાત કરેલ હતી.

તેના અનુસંધાનમાં હવે તા. ૧-૯-૨૦૧૨ થી જુનિયરસિટીઝન કાઉન્સિલે અગ્નિદાહ પેટે લેવાતા રૂ. ૭૫૦ નગરજનો પાસેથી વસૂલ લેવાના નથી. અને દર માસે ગાંધીનગરના 'મુક્તિધામ' ખાતે જેટલા મૃતદેહોને અગ્નિદાહ દેવામાં આવે તેના દરેકના રૂ. ૭૫૦ લેખે જુનિયર સીટીઝન કાઉન્સિલને મહાનગરપાલિકા ગાંધીનગર દ્વારા ચુકવી આપવાનું ઠરાવવામાં આવે છે. ચુકવણી અંગેની જરૂરી કાર્યવાહી કરવા મ્યુનિ. કમિશનરશ્રીને સત્તા આપવામાં આવે છે.

# બાર કાઉન્સિલના ઠરાવ સામે વકીલોમાં પ્રચંડ વિરોધ

## વેલ્ફેર ટીકીટના દરમાં વધારો, મૃત્યુ સહાયની ઓછી રકમના ઠરાવ સામે પણ લડત અપાશે

ગાંધીનગર, તા.૩૧

બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા વેલ્ફેર ટીકીટમાં ડબલ વધારો કરવા ઉપરાંત વકીલોની મૃત્યુ સહાયની રકમ સંદર્ભે કરાયેલા ઠરાવ સામે વકીલોએ ઉગ્ર વિરોધની લાગણી વ્યકત કરી છે. વકીલોના મૃત્યુ સહાયની રકમ ૫ લાખ કરવાની પ્રબળ માંગ સાથે આગામી દિવસોમાં આ મામલે ગાંધી ચિંધ્યા માર્ગે લડત આપવાનો નિર્ણય લેવાયો છે.

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્ય કરણસિંહ બી. વાઘેલાએ આ અંગે જણાવ્યા અનુસાર બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં ગત તા. ૧૮ ઓગષ્ટના રોજ વેલ્ફેર ટીકીટના દરમાં બમણો વધારો કરવા સહિત વકીલના મૃત્યુ સહાય રૂ. ૨ લાખની કરવા સંદર્ભે ઠરાવ કરવામાં આવ્યો હતો. આ ઠરાવ વકીલો માટે અન્યાયી હોવાનું જણાવી બાર કાઉન્સિલના ચૂંટાયેલા સભ્યો મુકેશભાઈ કામદાર, પરેશ વાઘેલા, અફઝલખાન પઠાણ તેમજ કે.જે. શેઠનાએ ઉગ્ર વિરોધ વ્યકત કર્યો છે. આ મામલે વકીલોની મૃત્યુ સહાય રૂ. ૫ લાખ કરી આપવાની માંગણી કરી છે. જયારે જિલ્લા-તાલુકાના બાર એસોસિએશન દ્વારા પણ વકીલોના હિત વિરૂદ્ધના ઠરાવની હોળી કરાશે તેમ પણ તેમણે જણાવ્યું છે. વધુમાં આગામી દિવસોમાં વકીલો સંગઠીત થઈ ગાંધી ચિંધ્યા માર્ગે લડત આપશે.

## આજે જલારામ મંદિરમાં ભાગવત સપ્તાહમાં શ્રીકૃષ્ણ રૂક્ષ્મણી વિવાહ યોજાશે

ગાંધીનગર, તા.૩૧

શ્રી જલારામ મંદિર સેકટર-૨૯, ગાંધીનગર . ખાતે શ્રઈ કર્ણવ જોશીની વ્યાસપીઠે યોજાયેલ ભાગવત સપ્તાહમાં તા. ૧લી સપ્ટેમ્બરે શ્રીકૃષ્ણ- રૂક્ષ્મણી વિવાદ તથા યુગલ સરકાર ઝાંખી યોજાશે.

## ગોવર્ધનાથજી હવેલીમાં શ્રીકૃષ્ણશ્રય ગુણગાન કથા મહોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર વૈષ્ણવ સમાજ તરફથી અધિક માસ શ્રી પુરુષોત્તમ માસમાં શ્રી ગોવર્ધનશ્રય ગુણગાન કથા મહોત્સવ પ.પૂ. ગોસ્વામી ૧૦૮ ઈન્દિરા બેટીજીના સાનિધ્યમાં યોજાયેલ હતો.

ડાહીબેન કાન્તીભાઈ પટેલના નિવાસેથી કળશ માથે લઈને નાની બાળોઓ વિશાળ વૈષ્ણવ સમુદાય સાથે છે. હવેલી મંદિરો પહોંચ્યા હતા. યુવા આચાર્ય પૂ. કુંજેશકુમારજી.ની અમૃતવાણી સાંભળી ભક્તો તલ્લીન બની ગયા હતા.

# ગાંધીનગરમાં એક કલાકમાં ધોધમાર એક ઈંચ વરસાદ

## ચોમાસાના અંતિમ દિવસોમાં મેઘ મહેરબાન : કાળા ડિબાંગ વાદળોથી આકાશ ઘેરાયું

ગાંધીનગર, તા.૩૧

ચોમાસાની ઋતુના અંતિમ દિવસોમાં મેઘરાજા જાણે ગાંધીનગર પર મહેરબાન થયા હોય તેમ ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. આજે બપોર બાદ આકાશમાં ઘેરાઈ આવેલા કાળા ડિબાંગ વાદળો એકધારા એક કલાક વરસ્યા હતા. જો કે જે પ્રમાણે વાદળો ઘેરાયા હતા તે પ્રમાણે વરસાદ વરસ્યો ન હતો. માત્ર એક ઈંચ વરસાદ પડયા બાદ વરસાદ બંધ થઈ ગયો હતો.

આ વર્ષે ચોમાસુ ખૂબ નબળું રહ્યું છે. વરસાદ ઓછો વરસતા ખેડૂતો સહિત સૌ કોઈ ચિંતામાં છે. એક સમયે તો ગાંધીનગર જિલ્લો અછતગ્રસ્ત વિસ્તારમાં સમાવી લેવાયો હતો. જો કે ચોમાસાના છેલ્લા દિવસોમાં મેઘરાજાની મહેરબાની ઉતરી હોય તેમ સારો વરસાદ વરસી રહ્યો છે.

ગયા અઠવાડિયે ગાંધીનગરમાં એક સાથે ચાર ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. તે પછી છેલ્લા બે દિવસથી થોડોક તડકો પડયો હતો. આજે સવારે તડકો નીકળ્યા બાદ બપોરે અચાનક જ આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાઈ આવ્યા હતા. થોડીક જ વારમાં જોરદાર વરસાદ શરુ થઈ ગયો હતો. લગભગ એકાદ કલાક સુધી જોરદાર વરસાદ વરસ્યો હતો. સાંજે પણ સારું ઝાપટું પડી ગયું હતું. જો કે જે પ્રમાણે વાદળો ઘેરાયા હતા તે પ્રમાણે વરસાદ વરસ્યો ન હતો. કાળા ડિબાંગ વાદળો ઘેરાયા હોવાથી પાંચ છ ઈંચ વરસાદ વરસી જશે તેવું લાગતું હતું. પરંતુ અપેક્ષા પ્રમાણે વરસાદ વરસ્યો ન હતો. આજે બપોરે એક ઈંચ જેટલો વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક ફેલાઈ ગઈ હતી.

# આજે સુંદરકાંડના સંગીતમય પાઠ યોજાશે

સ્વર્ગસ્થ આનંદીબેન ધનજીભાઈ બ્રહ્મભટ્ટની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે બ્રહ્મભટ્ટ પરિવાર દ્વારા આજે તા. ૧લી સપ્ટેમ્બર-૨૦૧૨ને શનિવારે રાત્રે ૯ કલાકે બ્રહ્મભટ્ટ વાસ, રામજી મંદિર, મુ. કોબા, તા. જિ. ગાંધીનગર ખાતે કથાકાર કન્હૈયાલાલ મહારાજની વ્યાસપીઠે સુંદરકાંડના સંગીતમય પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. ભક્તજનોને આ કથા પાઠનો લાભ લેવા ગોવિંદભાઈ બ્રહ્મભટ્ટે ખાસ જણાવ્યું છે.

# ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ સે-૨ની બેઠક સંપન્ન

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના સેકટર-૨માં નિવાસ કરતા પેન્શનર મિત્રોની બેઠક તાજેતરમાં પ્રવર મંત્રી નિરંજન ઓઝાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

પ્રાર્થનાથી શરૂ થયેલી બેઠકમાં ગત બેઠકના ચર્ચામાં આવેલા મુદ્દાઓની સમીક્ષા કરવામાં આવી હતી. ત્યાર બાદ સભ્યોના જન્મ દિવસ નિમિત્તે હાજર રહેલા સભ્યોને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. સંસ્થાના સભ્યોના અવસાન બદલ બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ગાંધીનગરની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના મેઈન શાખા દ્વારા 'પેન્શનર્સ મીટ'નું આયોજન કરવામાં આવ્યું હતું. તે અંગે બેંકના અધિકારીઓ તરફથી લેવામાં આવનાર પગલાંની અધ્યક્ષે જાણકારી આપી હતી. આ ઉપરાંત મિલકત વેરાના સંદર્ભમાં પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. સમગ્ર બેઠકમાં દરેક સભ્યોએ ખાસ હાજરી આપી બેઠકને સફળ બનાવી હતી.

## જુનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા ૩૧મું દેહદાન અપાયું

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરના જુનિયર સિટીઝન કાઉન્સિલના પ્રમુખ કમલ ચૌધરીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છેકે, તાજેતરમાં વાવોલ ગામના રહેવાસી અમૃતભાઈ દયાલભાઈ પરમારનો ૮૩ વર્ષની ઉંમરે સ્વર્ગવાસ થતા તેમના કુટુંબીજનોની સંમતિથી ગાંધીનગર મેડિકલ કોલેજને પ્રથમ દેહદાન સંસ્થા દ્વારા આપવામાં આવ્યું હતું. જુનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા ૩૧મું દેહદાન હતુ. જે ગાંધીનગરની મેડિકલ કોલેજ માટે પ્રથમ હતુ. કાઉન્સિલના હોદ્દેદારો તેમજ સંસ્થાના કર્મચારીગણ અને કુટુંબીજનોનો આ બાબતે યોગ્ય સહકાર મળ્યો હતો.

# રોહિત સમાજ દ્વારા એકતા સંમેલન અને સન્માન સમારંભ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૩૧

ગુજરાત રોહિત સમાજ સંગઠન દ્વારા તાજેતરમાં રોહિત સમાજ એકતા સંમેલન તથા સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો હતો. સમાજના એકતા સંમેલનમાં અને સન્માન સમારોહ કાર્યક્રમમાં રેલ રાજ્યમંત્રી ભરતસિંહ સોલંકી, માર્ગ મકાન મંત્રી ડૉ. તુષારભાઈ ચૌધરી અને પાટણના સાંસદ જગદીશભાઈ ઠાકોર ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને સમાજને સંગઠિત કરવા હાંકલ કરી હતી.

રોહિત સમાજ એકતા મહાસંમેલન અને સન્માન સમારોહમાં પૂર્વ ઝોનલ ડાયરેક્ટર તથા ગુજરાત રોહિત સમાજ સંગઠનના ચેરમેન એન.એલ. પરમારે ખાસ હાજરી આપી હતી તથા સમગ્ર સંમેલનના ઉદ્ઘાટક ભરતસિંહ સોલંકીએ દીપ પ્રાગટ્ય કરી આ પ્રસંગે ખાસ હાજરી આપી કાર્યકર્તાઓની મહેનતને વધાવી લીધી હતી. તથા યુ.પી.એ. સરકારના વિકાસ અને કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. માર્ગ-મકાન મંત્રી ડૉ. તુષારભાઈ ચૌધરીએ આદિવાસી અને દલિતોને સંગઠિત થવા હાંકલ કરી હતી. સાંસદ જગદીશભાઈ ઠાકોરે ગુજરાત રોહિત સમાજ સંગઠનના પ્રયાસને બિરદાવ્યા હતા તથા રમણ માડી, પ્રદીપ માડીએ આ પ્રસંગે સૌને આશીર્વચન પાઠવ્યા હતા. મુખ્ય મહેમાન મુકેશ ગૂર્જર, મહેન્દ્રસિંહ રાણા, સી.જે. ચાવડા, રાવજી પટેલ, સતીષકુમાર પારસકર વગેરે આ પ્રસંગે વક્તવ્ય આપી એકતા રાખી સંગઠિત બનવા જણાવ્યું હતું.

ગુજરાત રોહિત સમાજ સંગઠન દ્વારા ૭૫ વર્ષથી વધુ ઉંમરના સિનિયર સિટીઝન્સ ભાઈ-બહેનોનું, પરગણા, ટ્રસ્ટો, મંડળના પ્રમુખ, ચેરમેનોનું સન્માન કરવામાં આવ્યું હતું. સરકારી નોકરીમાં નવી નિમણૂંક પામેલા સમાજ બંધુઓનું પણ અભિવાદન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને અંતે પ્રમુખ લલિતભાઈ સોલંકીએ આભારદર્શન કર્યું હતું.

# સિદ્ધાર્થ લૉ કોલેજમાં મહિલા અધિકાર જાગૃકતા શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરના સેકટર-૧૬માં આવેલી સિદ્ધાર્થ લૉ કોલેજમાં તાજેતરમાં ત્રણ દિવસની મહિલા અધિકાર જાગૃકતા શિબિર યોજાઈ હતી.

સી.ડબલ્યુ.ડી.સી. અંતર્ગત મહિલાઓના અધિકાર સંબંધિત કાનૂની જાગરૂકતા, તેમના કાયદાકીય પ્રશ્નો અને તેનો ઉકેલ અંગે ત્રણ દિવસની શિબિર તાજેતરમાં સિદ્ધાર્થ લૉ કોલેજમાં યોજાઈ હતી. શિબિરમાં મહિલા પોલીસ અધિકારી એમ.બી. પુવાર, મહિલા જજ પૂર્વીબેન દવે અને હેતલબેન દવે ખાસ હાજર રહ્યા હતા. આમંત્રિત મહેમાનોએ આ પ્રસંગે વિસ્તૃતમાં કાયદાકીય કાર્યવાહી અને કોર્ટની ભૂમિકા અંગે માહિતી આપી હતી. કોલેજના આચાર્ય તથા પ્રાધ્યાપકો તરફથી પણ વિવિધ કાયદાઓની છણાવટ કરી સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.




ગાંધીનગર ફિઝીશીયન એસોસિએશન દ્વારા સેકટર-૨૩ કડી કેમ્પસ સ્થિત ફાર્મસી કોલેજના ઓડિટોરીયમ ખાતે ગ્રેસ્ટો એન્ટરોલોજી સેમીનાર યોજાયો હતો. આ પ્રસંગે ડૉ. હરેશ ઠેકડી, ડૉ. રમણ પટેલ, ડૉ. પ્રશાંત ભટ્ટ, ડૉ. દિનકર ગોસ્વામી, ડૉ. દર્શન પંડ્યા, ડૉ. વિવેક ભાવે, એસ.આઈ. પટવારી, સરવન બોહરા, માનસ દેસાઈ સહિત દોઢસોથી પણ વધુ તબિબોએ હાજરી આપી હતી.

## કબીર યોગ સત્સંગ મંડળ દ્વારા સત્સંગ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરના કબીર યોગ સત્સંગ મંડળ દ્વારા તા. ૨ સપ્ટેમ્બર-૨૦૧૨ને રવિવારે સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન સત્સંગનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

મહંતશ્રી ૧૦૮ શ્રી પંડિતશ્રી ચરણદાસ બાપુ, કબીર યોગાશ્રમ લીંબડી, જિલ્લો સુરેન્દ્રનગરનો સત્સંગ કાર્યક્રમ તા. ૨ સપ્ટેમ્બર-૨૦૧૨ને રવિવારે સવારે ૯ કલાકે સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, ઓડીટોરિયમ હોલ, ચ-૫, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે યોજાશે. જેનો ધર્મપ્રેમી ભાઈ બહેનોને સત્સંગનો લાભ લેવા જણાવાયું છે.

# જિલ્લા કુટીર ઉદ્યોગ અધિકારી રૂ. ૫૦૦ની લાંચ લેતા ઝડપાયા

## માણસાની મહિલાએ ભેંસ ખરીદવા લીધેલી લોનનો લેટર આપવા લાંચ માંગી હતી

ગાંધીનગર, તા.૩૧

ભેંસ ખરીદવા માટે માણસાના મહિલા પશુપાલક દ્વારા લેવાયેલી લોનનો મંજુર થયેલો લેટર આપવા માટે રૂ. ૧ હજારની લાંચ માંગનાર ગાંધીનગર જિલ્લા કુટીર ઉદ્યોગ અધિકારી સહીત બે શખ્સોને ગાંધીનગર એલસીબીની ટીમે છટકું ગોઠવીને રૂ. ૫૦૦ની લાંચ લેતા રંગે હાથ ઝડપી પાડયા છે. ગાંધીનગર એ.સી.બી.એ બંને વિરૂધ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ માણસા તાલુકાના બોરૂ ગામમાં રહેતા મહિલા પશુપાલક ભીખીબેન પટેલે ભેંસ ખરીદવા માટે લોનની અરજી કરી હતી.

જે અંતર્ગત ૭૫ હજાર લોન મંજુર થવા પામી હતી. રૂ. ૭૫ હજારની મંજુર થયેલી લોનનો લેટર લેવા ભીખીબેન શહેરના સેકટર-૧૧ ખાતે બહુમાળી ભવન ખાતે સ્થિત કચેરીએ ગયા ત્યારે જિલ્લા કુટીર ઉદ્યોગ અધિકારી ડી.એન. કાસુન્દ્રાએ તેમની પાસેથી રૂ. ૧ હજારની લાંચની માંગણી કરી હતી. લેટર મેળવવા માટે મહિલા પશુપાલકે બે દિવસ અગાઉ રૂ. ૫૦૦ લાંચ પેટે આપ્યા હતા. પરંતુ અધિકારીએ બીજા રૂ. ૫૦૦ આપીને લેટર લઈ જજો તેમ જણાવી કાઢી મુકયા હતાં. અંતે ભીખીબેને ગાંધીનગર એ.સી.બી. પી.આઈ. એચ.કે. ત્રિવેદીને ફરિયાદ કરતાં આજે કચેરીમાં જ ટ્રેપ ગોઠવી હતી. આજે બપોરે અધિકારી કાસુન્દ્રા રૂ. ૫૦૦ સ્વિકારતા રંગે હાથ ઝડપાઈ ગયા હતા અને તે રૂપિયા રાજકોટના લેબર કોન્ટ્રાકટર હરેશ કાલાણીને અધિકારીએ આપ્યા હોવાથી બંને શખ્સો એ.સી.બી.ના છટકામાં ઝપેટે ચઢી ગયા હતાં. બંને વિરૂધ્ધ ગુનો નોંધી ધરપકડ કરીને સઘન કાર્યવાહી ગાંધીનગર એ.સી.બી. પી.આઈ. ત્રિવેદીએ શરૂ કરી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૩

સૂર્યાસ્ત : ૬.૫૯

## તાપમાન

મહત્તમ : ૩૩.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૮૮ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
જૉકર : ૧.૧૫, ૩.૩૦, ૬.૦૦, ૮.૧૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
જૉકર : ૧૦.૦૦, ૧૨.૦૦, ૨.૧૫, ૯.૩૦
એક થા ટાઈગર : ૪.૩૦, ૭.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્દી) : ૧૦.૧૫, ૩.૩૦, ૧૧.૦૦
કેવી રીતે જઈશ : ૧૨.૪૫, ૮.૧૫
એક થા ટાઈગર : ૫.૪૫

: સ્ક્રીન-૨ :
એક થા ટાઈગર : ૧૦.૦૦,૧૨.૩૦, ૩.૦૦, ૮.૦૦, ૧૦.૩૦
શીરીન ફરહાદ કી તો નીકલ પડી : ૫.૩૦

: સ્ક્રીન-૩ :
જૉકર : ૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૦૦, ૭.૩૦, ૯.૪૫
ફોર્મ સિડ્ની વીથ લવ : ૫.૦૦

: સ્ક્રીન-૪ :
જૉકર : ૯.૩૦, ૨.૦૦, ૪.૧૫, ૬.૩૦, ૮.૪૫, ૧૧.૦૦
શીરીન ફરાહદ કી તો નીકલ પડી : ૧૧.૪૫

### સૂર્યા, વાવોલ

જૉકર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વિધાતા (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
જૉકર : ૧૦.૩૦, ૧.૦૦, ૩.૧૫, ૫.૧૫, ૮.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
એક થા ટાઈગર : ૧૦.૫૦, ૭.૧૫, ૧૦.૦૦
નિલકંઠ : ૧.૧૫ ● જૉકર : ૪.૧૫

: સ્ક્રીન-૩ :
આઈ એમ ૨૪ : ૧૧.૧૫,૧૦.૧૫
એક થા ટાઈગર : ૨.૧૫
ફોર્મ સિડ્ની વીથ લવ : ૫.૧૫, ૮.૧૫

### ચિરાગ, કલોલ

જૉકર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- પુરૂષોત્તમ માસ નિમિત્તે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેકટર-૨૧,ખાતે હિંડોળામાં ઈલાયચીનો હિંડોળો અને શૃંગારમાં ચાંદીના પલના.

## આપની આજ

**મેષ** : આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. પ્રયત્નોથી લાભ થશે. અભીષ્ટ ફળ પ્રાપ્તિ અને કાર્યોમાં વિસ્તાર થવાનો યોગ બનશે. સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે.

**વૃષભ** : આવક કરતાં જાવક ન વધે તેની કાળજી રાખવી. વ્યાપાર - વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. પ્રયત્નોમાં અસફળતાથી મળેલી નિરાશાને હાવી થવા દેશો નહિ.

**મિથુન** : રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

**સિંહ** : આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.કૌટુંબીજનો સાથે વિવાદોથી દુર રહેવું.

**તુલા** : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. વ્યાપારમાં નવા અને લાભદાયક કરાર થઈ શકે છે.

**વૃશ્ચિક** : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**ધન** : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે.

**કુંભ** : સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : કૌટુંબીજનો સાથે મતભેદ ઉભા ન થાય તેની તકેદારી રાખવી. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

## ચિરવિદાય

- સ્વ. પોપટજી મગનજી ડાભી (ઉ.વ.૬૫) મુ.પો. ખોરજ ડાભીસ તા. કલોલ, જિ. ગાંધીનગર.
- સ્વ. કાન્તાબેન પિતંબરદાસ ઠક્કર (ઉ.વ.૮૩) પ્લોટ નં. ૧૪૦/૮, બી-૧ ટાઈપ, સેકટર- ૨૩, ગાંધીનગર.
- સ્વ. પ્રહિલાદ હિરાનંદ જયલાણી (ઉ.વ.૬૩) પ્લોટ નં. ૪૩૩, સેકટર- ૨૩, ગાંધીનગર.